વાવોલમાં ફાયરીંગ કરનાર આરોપી પોલીસથી હાથવેંત દુર

મોબાઈલ ટાવરના કેબલ વાયર ચોરતી ટોળકી ઝબ્બે

ગાંધીનગર, અમદાવાદ તથા ખેડા વિસ્તારમાંથી ૧૪ સ્થળોએથી ચોરી કરી હોવાની કબુલાત : ૪૪ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર આસપાસના વિસ્તારો ઉપરાંત અમદાવાદ-ખેડા જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કેબલ ચોરી કરીને તરખાટ મચાવનાર ગેંગને ગાંધીનગર એલસીબીની ટીમે પકડી પાડી છે. વિવિધ વિસ્તારોમાંથી ચોરેલા અંદાજે રૂ. ૨૨,૮૦૦ની કિંમતના કેબલ વાયર તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૪૪ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ચાર શખ્સોની એલસીબીની ટીમે ધરપકડ કરી લીધી છે. ટોળકીએ ૧૪ ગુનાઓ આચર્યા હોવાની કબુલાત કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની ટીમ કેબલચોરોને પકડવા સક્રીય થઈ હતી. ગાંધીનગર આસપાસ છેલ્લા ઘણા સમયથી મોબાઈલ ટાવરનાં કેબલ વાયરો ચોરી થઈ જવાના ઘટના સંખ્યાબંધ બની હતી. જેને પગલે તે દિશામાં ટીમ સક્રીય થઈ હતી. ગઈ કાલે એલસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે ચોરીના કેબલ સાથે પુન્દ્રાસણ ચોકડીથી જીઆઈડીસી તરફ જતા માર્ગ પરથી ચાર શખ્સોને પકડી પાડયા હતા. ચાંદલોડીયાના સુભાષ અર્જુન ચૌહાણ, અજય મુલાયમ રાજપુત, ચાણકયપુરીના સુરેશ ઉર્ફે સોનુ રંજન લોદી અને સબદેશ ઉર્ફે મીટ્ઠુ પરષોત્તમ પરીહાર ચારેય શખ્સો પાસેથી ચોરીના ૩૮ મીટર મોબાઈલ ટાવરના કેબલ વાયર મળી આવ્યા હતા. રૂ. ૨૨૮૦૦ના કેબલ, મોબઈલ, રોકડ થતા બાઈક મળી કુલ રૂ.૪૩૯૦૦નો મુદ્દામલ જપ્ત કરી પોલીસે પુછતાછ કરતાં વાવોલમાંથી બે મોબાઈલ ટાવરમાંથી કેબલ ચોરી કર્યા હોવાનું બહાર આવ્યું છે. તે ઉપરાંત તેમણે ઝુંડાલ, નાના ચિલોડ, નારણપુરા, ન્યુ રાણીપ, મહેમદાવાદ તથા ખેડા રોડ સહિત કુલ ૧૪ જગ્યાએથી પણ ચોરી કરી હોવાનું ચોંકાવનારુ નિવેદન આપ્યું છે.

@ગાંધીનગર

● સુંદરધામ પરિવાર દ્વારા ઈન્ફોસીટી પાસે આવેલ એનઆઈસીએમ કોલેજ સ્ટાફ કોટર્સ ખાતે શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડ પાઠ યોજાશે.

● શહેરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સવારે ૬ થી ૭ કલાક દરમિયાન સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા યોગ શિબિર યોજાશે.

નાયી સમાજના વિદ્યાર્થીઓને ૫૦ ટકાના દરે ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩

પ્રેરણા પ્રગતિ મંડળ દ્વારા આગામી તા. ૧૧ અને ૧૨મી જૂનને રવિવારના રોજ સવારે૯થી ૧૧ કલાક દરમિયાન સમાજના વિદ્યાર્થીઓને ૫૦ ટકાના દરે સે-૧૩, લિમ્બચધામ ખાતે ચોપડાનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. તથા બાકીના દિવસોએ સવારે ૯ થી ૧૧ અને સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન 'વહેલા તે પહેલા'ના ધોરણ ૫૦ ટકાને દરે સ્ટોક હશે ત્યાં સુધી ચોપડાનું વિતરણ કરવાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત તેજસ્વી તારલાઓના સન્માન અંગેના ઈનામ વિતરણ ફોર્મ પણ સંસ્થામાંથી મેળવી સંસ્થાને સમય મર્યાદામાં પરત કરવા મંડળના મંત્રી આત્મારામ વાળંદે જણાવ્યું છે.

સેકટર-૭-ડી નિવૃત અધિકારી અને શહેરીજન સંસ્થાની દ્વિમાસિક સભા

ગાંધીનગર, તા.૩

સેકટર-૭-ડી ગાંધીનગર નિવૃત્ત અધિકારી મંડળની દ્વિમાસિક સામાન્ય સભા અને શહેરીજન સંસ્થાની કારોબારી સમિતિની સંયુકત બેઠક તા.૫ મી જુનના રવિવારે સાંજે સાડા પાંચ વાગે શ્રી ચૌધરી વિદ્યાલય સંકુલ ખાતે મળશે. જેમાં સાંપ્રત બાબતો પરત્વે ચર્ચા વિચારણા કરવામાં આવશે. સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા કાર્યકારી પ્રમુખશ્રી સુમંતભાઈ શાહે જણાવેલ છે.

શ્રી નાગરવેલ હનુમાન ખાતે શનિદેવ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૩

શ્રી નાગરવેલ હનુમાન મંદિરના મહંતશ્રી રંગનાથાચાર્યજી મહારાજે જણાવ્યું છે કે શ્રી નાગરવેલ હનુમાન મંદિર ખાતે તા. ૪થી જુને શનિવારે અમાસના રોજ શ્રી શનિદેવ જયંતિ મહોત્સવનું આયોજન કરેલ છે. સવારે શનિદેવનો સરસવના તેલથી લઘુરૂદ્રાભિષેક થશે. સાંજે પાંચ વાગે હવન અને રાત્રે સાડા આઠ વાગે આરતી શૃંગાર પૂજા થશે. મંદિરમાં શનિદેવની ૮૦૦ કિલો વજનવાળી વિશાળ શિલા ઉપર શનિદેવ જયંતિએ તેલ ચડાવવાથી મનોકામના પૂર્ણ થશે.

રવિવારે શહેરમાં 'મેડીકલ એસ્ટ્રોલોજી તથા વાસ્તુશાસ્ત્ર' વિષયે વ્યાખ્યાન યોજાશે

એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણી અંતર્ગત ડૉ. શ્રૃતિ શાહ અને મનોજ લેઉવાના વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના એની ટાઈમ મસ્તી કલ્ચરલ ફાઉન્ડેશનના ઉપક્રમે 'શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રેણીનું પ્રથમ પ્રવચન તા. ૫મી જૂન રવિવારે સાંજે ૪.૩૦ કલાકે શહેરના હાર્દસમા ઈન્ફોસીટી વિસ્તારમાં ઘ-૦ તરફના મુખ્યદ્વાર પાસેની આઈડીબીઆઈ બેંકના પાછળ ડૉ. ફુડ સામે આવેલ શહેનાઈ બેન્કવેટ હોલ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં વડોદરાના સુપ્રસિધ્ધ તબીબ ડૉ. શ્રૃતિ શાહ તથા મનોજ લેઉવાના વ્યાખ્યાન યોજાશે.

એટીએમ સંસ્થાની 'શાંતિ સ્મૃતિ પ્રવચન શ્રેણી'ની પ્રથમ કડીમાં 'મેડીકલ એસ્ટ્રોલોજી' જેવા નવતર વિષય સાથે વાસ્તુશાસ્ત્ર અંગે વ્યાખ્યાન આયોજિત કરાયા છે. વડોદરા સ્થિત વ્યવસાયે તબીબ એવા ડૉ. શ્રૃતિ શાહ દ્વારા રજુ થનાર સામાન્ય સમજથી અલગ વિસ્તૃત છણાવટ સાથે દૃષ્ટાંતો સહિત 'મેડીકલ એસ્ટ્રોલોજી' અંગેનું વ્યાખ્યાન શ્રોતાઓ માટે અમૂલ્ય નજરાણું બની રહેશે. આ ઉપરાંત 'વાસ્તુશાસ્ત્ર' જેવા વિષય પર મનોજ લેઉવા દ્વારા આપવામાં આવનાર વ્યાખ્યાન માત્ર મકાન, ઓફિસ કે ઈમારતોની બનાવટમાં દિશાઓ કે ખૂણાઓને બદલે કંઈક નવતર જાણકારી મળી રહે તે અંગેના પ્રયાસ સમાન બની રહેશે. આ કાર્યક્રમ ગાંધીનગરની જ્ઞાનરસિક જનતા માટે વિના મૂલ્યે પ્રવેશ સાથે આયોજિત કરાયો છે. જેનો લાભ લેવા એટીએમ સંસ્થાના હોદ્દેદારો વતી ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

સચિવાલય જીમખાના ખાતે નિ:શુલ્ક બોડી ચેક અપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૧ સ્થિત સચિવાલય જીમખાના ખાતે આગામી તા. ૧૧ અને ૧૨મી જૂનના રોજ ફ્રી બોડી ચેક અપ અને નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં બી.એમ.ડી.નો રીપોર્ટ, બી.એમ.આઈ.નો રીપોર્ટ, બ્લડસુગર, ડેન્ટલ ચેક અપ, વજન ઘટાડવા તેમજ રમતી વખતે થયેલ ઈજા અંગે પણ નિદાન કેમ્પમાં નિ:શુલ્કપણે તપાસ કરી આપવામાં આવશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા ઈચ્છુકોએ ફોન નં. ૦૭૯-૨૩૨-૬૦૦૫૯ ઉપર સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

લો કરો વાત...હોસ્પિટલમાં દાખલ થવાની તૈયારી ને દર્દીની ફાઈલ ગુમ...!

ગાંધીનગર સિવિલમાં દર્દીને ફરીથી કેસ, એકસ-રે તેમજ લેબ ટેસ્ટ કરાવાની ફરજ પડી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક વૃધ્ધ અશકત મહિલા સારવાર માટે આવ્યા હતા. ચેસ્ટ પેઈન હોવાથી દર્દીની ગંભીરતાને ધ્યાને લઈ જરુરી રિપોર્ટ નીકાળીને એડમીટની તૈયારી ચાલી રહી હતી. તે દરમિયાન દર્દીની આખી ફાઈલ ગુમ થઈ હતી. મહિલા દર્દીને ભારે પરેશાની વેઠીને ફરીથી કેસથી માંડી રિપોર્ટ કરાવવા પડ્યા હતા. કર્મચારીઓની બેદરકારીને લીધે દર્દીને હેરાન થવાનો વારો આવ્યો હતો.

ગતિશીલ સરકારના આરોગ્ય વિભાગ દ્વારા છેવાડાના માનવીને પણ આરોગ્ય લક્ષી સેવા સરળતાથી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરી રહી છે. ત્યારે ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલની સેવાઓ દિનપ્રતિદિન કથળી રહી છે. હોસ્પિટલના કર્મચારીઓની બેદરકારી સામે આવી રહી છે જેનો ભોગ દર્દીઓ બની રહ્યા છે અને દર્દીઓને સિવિલ તંત્ર જાણે કે અહેસાસ કરાવતું હોય કે આ તો સરકારી હોસ્પિટલ છે અહીં તો આવું જ હોય તેવું લાગી રહ્યું છે. આજે એક ૬૩ વર્ષિય વૃધ્ધ મહિલાને ચેસ્ટ પેઈન ઉપડતા હોસ્પિટલમાં આવ્યા હતા. મહિલાને વીઆઈપી વોર્ડમાં એડમીટ કરવાની તૈયારી હતી ત્યાં જ મહિલાની ફાઈલ ગુમ થઈ જવા પામી હતી. તંત્રના કર્મચારીઓની બેદરકારીનો ભોગ વૃધ્ધ મહિલાને બનવું પડ્યું હતું. ના છુટકે અશકત મહિલાને ફરીથી કેસ નીકાળવા સહિત લેબ રિપોર્ટ તેમજ એકસ-રે પણ પડાવવો પડ્યો હતો. સ્પેશીયલ વોર્ડમાં એડમીટ થવાની તૈયારી હોય તેવા મહિલાને પરેશાની ભોગવવી પડી હતી. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજ ધાંધિયા બહાર આવે છે. ત્યારે ગાંધીનગર સેકટર-૨ ના મહિલાને સિવિલ હોસ્પિટલનો કડવો અનુભવ થતા રોષે ભરાયા હતા. સિવિલના સત્તાધિશોએ કામમાં બેદરકાર રહેતા કર્મચારીઓ સામે શિક્ષાત્મક પગલા ભરવાની જરુર છે.

વાવોલમાં ફાયરીંગ કરનાર આરોપી પોલીસથી હાથવેંત દુર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ ગામ પાસે કોલવડા-પુન્દ્રાસણ સર્કલ નજીક ફાયનાન્સનો ધંધો કરતા મજનુ નામના શખ્સે રૂ. ૩ લાખ માટે બે રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. રૂપિયા અપાવવામાં વચ્ચે રહેલા વાવોલના શખ્સ પર ફાયરીંગ કરવામાં આવ્યું હતું. પરંતુ તે બંને વખત ખસી જતા બચી ગયો હતો. આ ગુનાનો આરોપી મજનુ પોલીસથી હાથવેંત દુર હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

સેકટર-૪ ખાતે રહેતો અને સે-૧૭/૨૨ માઈક્રો શોપીંગમાં ફાયનાન્સનો ધંધો કરતો મૌનીક ઉર્ફે મજનુ નામના શખ્સે વાવોલના એક યુવાન પર બે રાઉન્ડ ફાયરીંગ કર્યું હતું. વાવોલના યુવાનને વચ્ચે રાખીને ઉનાવા ગામના યુવકને ત્રણ લાખ વ્યાજે આપ્યા હતા. મુદત પહેલા રૂપિયા માંગ્યા પરંતુ તે યુવકે ન આપતા મજનુએ વાવોલના વચ્ચે રહેલા યુવાનને ગામની ચોકડીએ બોલાવ્યો હતો ત્યાં બોલાચાલી થયા બાદ મજનુએ બે રાઉન્ડ ખાનગી ફાયરીંગ કર્યું હતું. જો કે વાવોલનો યુવાન બચી ગયો હતો. આ મામલે સે-૭ પોલીસે ગુનો દાખલ કરી પી.આઈ. ડી.ડી. સોઢાએ તપાસ શરૂ કરી છે. પરંતુ હજુ સુધી આરોપી નાસતો ફરે છે. સુત્રો પાસેથી મળતી મહિતી મુજબ આરોપી મજનુથી હવે પોલીસ માત્ર હાથવેંત દુર છે. ૨૪ કલાકમાં આરોપી મજનુની ધરપકડ થઈ જાય તેવા સંકેત મળી રહ્યા છે.

પુન્દ્રાસણ ગામમાંથી સગીરાને ઉપાડી યુવાન ફરાર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલ પુન્દ્રાસણ ગામમાં ૨૮ તારીખે રાત્રે માતાજીના ગરબા હતા. ત્યારે ગામની ૧૬ વર્ષની કિશોરી તેની મોટી બહેન સાથે ત્યાં ગરબા ગાવા ગઈ હતી. મોડી રાત્રે આ કિશોરીને લલચાવી ફોસલાવીને એક યુવાન શખ્સ બાઈક પર બેસાડીને ઉપાડી ગયો હતો. પહેલા પુન્દ્રાસણમાં જ રહેતો અને હાલ ટીટોડા રહેતો બ્રિજેશ ઉર્ફે રાજુ રાજારામ ચૌહાણ નામનો શખ્સ તેણીને ભગાડી ગયો હોવાનું ધ્યાને આવતા કિશોરીના પિતાએ પેથાપુર પોલીસ મથકમાં અપહરણની ફરિયાદ આપી છે. પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

વાતવાતમાં

● ગાંધીનગરના નવા વરાયેલા નગરસેવકોએ પોત પોતાના વોર્ડમાં કામગીરીનો આરંભ કરી દીધો છે. વોર્ડ નં. ૭ના કોર્પોરેટર્સ હિરલબેન જોષી તથા જયરાજસિંહ વાઘેલાએ સે-૩-ડી ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરી સફાઈ કાર્ય કર્યું હતું.

● થોડા સમય પહેલા નગરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા તથા વૃક્ષો પર લગાડાયલા જાહેરાતોના બોર્ડ હટાવી લેવાનું તંત્રએ અભિયાન હાથ ધર્યું હતું તથા ફરી લગાવનારને દંડ ફટકારવાની જાહેરાત પણ કરાઈ હતી. જો કે હાલ શહેરમાં એ જ સ્થિતિ પુન: જોવા મળી રહી છે. જેમાં દરેક થાંભલે અને વૃક્ષ પર જાહેરાતોના બોર્ડ લગાડી દેવાયા છે. માટે તંત્રની જાહેરાત માત્ર કાગળ પર રહી જવા પામી છે.

● પેથાપુરના તરપોજ વાસમાં તાજેતરમાં પડોશી દ્વારા હુમલો કરી છરી વડે હત્યાનો પ્રયાસ કરવાનો ગુનો બે વ્યક્તિઓ પર નોંધાયો હતો. આ બંને આરોપીઓને પોલીસે ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

● ગાંધીનગરમાં વન વિભાગ પ્રિમોન્સુન એક્ટિવીટી હેઠળ દ્વારા સૂકા અને જોખમી વૃક્ષો પાડવાનું કાર્ય હાથ ધરાયુ છે. કેટલાક સૂકા ઝાડને ઉખેડવા માટે ટ્રેક્ટરની ટ્રોલીના પડખાથી ધક્કો મારી પાડી દેવાનો સરળ માર્ગ અપનાવાઈ રહ્યો છે.

● પહેલા પેટ્રોલ પછી દૂધના ભાવ વધારા સાથે સર્વિસ ટેક્ષ માં ૧૫ ટકાના અમલીકરણથી જનતામાં નાણા મંત્રી અરૂણ જેટલી પ્રત્યે રોષ ભભૂકતો જણાય છે. મોંઘવારીમાં પીસાતા નગરજનો હાલતો નાણા મંત્રી પર સોશયલ મિડીયામા વિવિધ કટાક્ષ અને જોક્સ સાથે વિરોધ પ્રગટ કરતા મેસેજીસ પાસ કરી પોતાનો રોષ પ્રગટ કરી રહ્યા છે.

કડીયાનાકા ખાતે ગાયત્રી પરિવારનું વ્યસન મુકિત અભિયાન

ગાંધીનગર, ત.૩

ગાંધીનગરમાં તા.૩૧મે વ્યસન મુકિત દિવસ અંતર્ગત સે-૧ સ્થિત ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા શહેરના સેકટર-૬ ખાતે સ્થિત કડિયાનાકા ખાતે વ્યસન મુકિત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હરિદ્વારના શાંતિકુંજ સ્થિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા વર્ષ ૨૦૧૬ને 'યુવા ક્રાંતિ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. આ વર્ષ દરમિયાન ચાર મહત્વના દિવસો અલગ અલગ વિષયો આધારિત વિશ્વના અનેક રાષ્ટ્રોમાં ઉજવશે. આ અંતગર્ત તા. ૨૪મી માર્ચને અશ્લીલતા નિવારણ દિવસ તરીકે તથા તા. ૩૧મી મેને વ્યસન મુકિત દિવસ તરીકે ઉજવાયો હતો.

સે-૬માં આવેલ સે-૭ પોલીસ સ્ટેશનની બાજુમાં દરોરજ ભરાતી કોન્ટ્રાકટર, કડિયા, કારીગરો અને મજુરોની બજારમાં આશરે એકાદ હજારથી પણ વધારે લોકો સવારે ૭.૦૦ થી ૮.૩૦ દરમિયાન ભેગા થતા હોય છે. ગાયત્રી પરિવાર ટ્રસ્ટ, ગાયત્રી શકિતપીઠ, સે-૧ના યુવા કાર્યકર્તાઓની ટીમે તા.૩૧મેના રોજ વહેલી સવારે વ્યસન મુકિતની પ્રદર્શની ગોઠવી ભેગા થતા કારીગરોને વ્યસન અને તેનાથી થતા નુકશાન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. ગીત અને સંગીતના માધ્યમથી પ્રેરણાદાયી દૃષ્ટાંતો આપીને બહેનો અને ભાઈઓને વ્યસન છોડવાના સંકલ્પો લેવડાવ્યા હતા. આશરે ૧૫૦ સ્ત્રી-પુરૂષ અને બાળકોએ તમાકુ, જર્દા, ગુટકા, પાન, માવા, મસાલા, બીડી, સિગરેટ અને દારૂ-શરાબનો ત્યાગ કરવાના લેખિત સંકલ્પો કર્યા. કુમકુમ-અક્ષતનું તિલક અને કાંડા પર લાલ સંકલ્પસુત્ર પહેરી જાણે દરેક વ્યકિત પોતાના જીવનમાં નવો અધ્યાય શરૂ કરવા સજ્જ થયા હોય અને હાજર રહેલા સૌને સમાજ નિર્માણની દિશામાં આગળ વધતા પગરવ સંભળાતા હોય તેવું દૈદીપ્યમાન દૃશ્ય ઉપસ્થિત થતું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત રાત્રે ૮.૩૦ કલાકે સે-૨૪ની ઈન્દીરાનગર ઝુંપટપટ્ટીમાં વિશાળ પડદા પર એક ઓડિયો-વિડીયો પ્રેઝન્ટેશન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં વ્યસનની અસરો અંગેની સ્લાઈડસ બતાવીને સમજાવવામાં આવ્યું હતું. અન્ય રજુઆતો ઉપરાંત કેન્સર રીસર્ચ સોસાયટી, અમદાવાદ મારફત તૈયાર કરાયેલ નાટક બતાવવામાં આવ્યું. લોકોએ રસપૂર્વક આ બધી રજુઆતો જોઈ અને સાંભળી તથા આવા વધુ કાર્યક્રમો તથા અન્ય વિષયના આયોજનો કરવા સૂચન કર્યા હતા.

વ્યસનમુકિત દિવસના આ કાર્યક્રમમાં મનોજભાઈ મિસ્ત્રી, પિનાકીનભાઈ વ્યાસ, દિનેશભાઈ ઠકકર અને વેરાભાઈ પટેલે ભારે જહેમત ઉઠવી ગાયત્રી પરિવારના ગુરુદેવ પં. રામ શર્મા આચાર્યજીને કાર્યાંજલી અર્પી હતી.

જૈન સમાજ માટે પ્રવચન યોજાશે

ગાંધીનગર, તા.૩

જૈન સોશ્યલ ગ્રુપ ગાંધીનગરના સહયોગથી આગામી તા. ૧૨મી જૂન રવિવારના રોજ સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન સે-૧૭, ટાઉનહોલ ખાતે જૈન સમાજ માટે પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. તાજેતરમાં ગુજરાત સરકારે જૈન સમાજને લઘુમતીનો દરજ્જો આપ્યો છે. સરકારના આ નિર્ણયથી જૈન સમાજ, જૈન પરીવારો અને જૈન ટ્રસ્ટોને શું લાભ થશે તની વિગતવાર સમજણ આપવા માટે આ વિષયના નિષ્ણાંત નિરંજનભાઈ જુવા દ્વારા પ્રવચન આપવામાં આવશે. જેમાં સમસ્ત જૈન સમાજના સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભારતીય જૈન સંઘના પ્રમુખ આર.ડી. ગાંધી અનુરોધ કર્યો છે.

ગુજરાત પ્રવાસન નિગમ કર્મચારી મંડળના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૩

ગુજરાત પ્રવાસન નિગમ કર્મચારી મંડળની વાર્ષિક સામાન્ય સભા યોજાયેલ હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે. પ્રમુખ : શ્રી જી.એમ. ગુર્જર, ઉપપ્રમુખ : શ્રી જે.જે. પટેલ, મહામંત્રી : શ્રી એન.એ. રાઠોડ, કોષાધ્યક્ષ : શ્રી પી.એમ. પટેલની વરણી થયેલ છે.

સંતાનોને શાળાએ મોકલવા પૂર્વે માતાઓનો તરવરાટ

વેકેશન પૂર્ણ કરી ઘરે પહોંચવા માતાઓમાં રઘવાટ, પિતાને શિક્ષણ સાહિત્ય ખરીદીનું લીસ્ટ સોંપાયું

ગાંધીનગર, તા.૩

રાજયભરની શાળાઓ અને કોલેજોમાં વેકેશન પૂર્ણતા તરફ પહોંચી ગયું છે. ટુંક સમયમાં જયારે અભ્યાસ શરૂ થવાનો છે ત્યારે સૌથી વધુ સક્રિયતા સંતાનોની માતાઓમાં દેખાઈ રહી છે. જેમાં વેકેશન પૂર્ણ કરી ઘરે પહોંચવા માતાઓમાં રઘવાટ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ સંતાનોના અભ્યાસ માટે જરૂરી શિક્ષણ સાહિત્ય ખરીદવાનું લીસ્ટ પણ પિતાને સોંપી પૂર્વ તૈયારીઓ આરંભી દીધી છે. આમેય સંતાનોને સમયસર શાળાએ મોકલવાથી માંડીને ગૃહકાર્ય સુધીની તમામ જવાબદારી માતાઓ સંભાળતી હોય છે. જેથી સ્વાભાવિક રીતે જ નવાસત્રના આરંભે માતાઓ બાળકના અભ્યાસની બાબતે ચિવટ રાખે છે.

નવાસત્રનો ટુંક સમયમાં પ્રારંભ થવા જઈ રહ્યો છે. નવા ધોરણમાં અભ્યાસ કરવા જતા સંતાનોની જરૂરિયાત અંગે માતાઓમાં તત્પરતા ડોકાઈ રહી છે. વેકેશનમાં સંતાનોને બહાર ફરવા લઈ ગયા હોય અથવા તો ગામડે વતનમાં ગાય હોય તેવા તમામ વાલીગણ હાલમાં મુળ સ્થાને પરત ફરી રહ્યા છે. જેમાં સંતાનના અભ્યાસ અંગે સૌથી વધુ ચિંતીત માતામાં ઉચાટ વધારે હોય છે. અભ્યાસ અંગે જરૂરી શિક્ષણ સાહિત્ય, યુનિફોર્મ, દફતર, બુટ, સ્કુલવાન સહિતની તૈયારીઓ કરવાના ભાગરૂપે માતાઓએ સક્રિય બનીને સંતાનના પિતાને તેનું

લીસ્ટ સોંપી ખરીદી કરી લાવવાનું સુચન આપી દીધું છે.

વધુમાં પિતા તો ધંધો, નોકરી કે વ્યવસાયમાં ગળાડુબ રહેતા હોઈ સંતાનોને સમયસર તૈયાર કરી શાળાએ મોકલવા માતાઓ જ સક્રિય હોય છે. જેમાં વળી શાળામાંથી અપાતું ગૃહકાર્ય પણ માતાઓ બાળકને બેસાડી કરાવતી હોય છે તેમજ શાળામાં વાલી મિટીંગ કે અન્ય શાળાને લગતી બાબતે માતાઓ જ મહત્વનો ભાગ ભજવતી હોય છે. જો કે પિતા સંતાનના અભ્યાસ અંગે ચિંતીત હોય છે જ પરંતુ સમય ફાળવી ન શકતા તમામ જવાબદારી માતાને શિરે આવતી હોય છે. સંતાનને ખાનગી ટયુશન કરાવવું કે ઘરે ભણાવવા જેવી બાબતોમાં પણ માતાઓનું કાર્ય પ્રસંશનીય રહ્યું છે. અભ્યાસમાં જુદા જુદા વિષયોની નોટબુક, પુસ્તક વગેરેને બુક બાઈન્ડીંગ કે પુઠા ચડાવવા સહિતની કામગીરી પણ આ માતાઓએ આરંભી દીધી છે. જેથી હાલ સંતાનોને શાળાએ મોકલવા પૂર્વે માતાઓનો તરવરાટ સ્પષ્ટપણે વર્તાઈ રહ્યો છે.

રવિવારે બુધ્ધ વંદના યોજાશે

ગાંધીનગર, તા.૩

બૌધ્ધ ધર્મમાં મૃત્યુ પછી શાંતિ વંદના જેને યુન્યાતુમોદન પણ કહેવામાં આવે છે. સરગાસણ ખાતે જાણીતા બોધ્ધીસ્ટ અને બામસેફ યુનિટના કાર્યકર્તાના માતૃશ્રી કેશરબા કાલકૃત થયા છે. જેમની શાંતિ વંદના બોરિજ ખાતે વિહાર કરતા બોધ્ધ ધર્મના ભન્તે મંગલ જયંતિ દ્વારા યન્યાતુમોદન તા. ૫મી જુનના રવિવારે સવારે સાડા દશ વાગે કેશરભુવન, સરગાસણ ચોકડી, ખ-ઝીરો ચાર રસ્તા-ગાંધીનગર ખાતે શંકરભાઈ તથા રમેશભાઈ વાઘેલાના નિવાસસ્થાન ખાતે રાખેલ છે તો દરેક ધર્મપ્રેમી ભાઈ બહેનોએ આ શાંતિ વંદનામાં ભાગ લેવા સમયસર હાજર રહેવા જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. જગતસિંહ બળદેસિંહ વાઘેલા, ઉ.વ. ૯૫
- સ્વ. કુસુમબેન નવલકિશોર થાનકી, ઉ.વ. ૬૭
- સ્વ. મંગુબેન વસંતલાલ પરમાર, ઉ.વ. ૮૯
- સ્વ. લીલાબેન શનાભાઈ ગઢવી, ઉવ. ૮૨
- સ્વ. પુરીબેન કરમણભાઈ ભરવાડ, ઉ.વ. ૭૦
- સ્વ. દેવુબેન બચુભાઈ મકવાણા, ઉ.વ. ૪૯
- સ્વ. કૌશીકરાય મહેન્દ્રભાઈ યાદવ, ઉ.વ. ૫૨